***<u>રે.મુ.નંબરઃ–૧૧ –૨૦૧૮ નાં કામમાં આંકઃ– ૫ ની અરજી લગત હુકમ.</u>***

(૧) વાદીએ પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ હાલ નો દાવો સી.પી.સી કોડ ની કલમ– ૧૫૧ વિગેરે મુજબ વેચાણ દસ્તાવેજ રદ ઠેરવવા તથા જાહેરાત તથા જાથુક ની કાયમી મનાઈ મેળવવા બાબતેનો દાવો દાખલ કરેલો છે અને દાવા સાથે ઘી કોડ ઓફ સીવીલ પ્રોસીઝર ઓ. ૩૯ રૂલ–૧,૨ તથા કલમ– ૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેની અરજી દાખલ કરેલી છે. આ કામે વાદી ની દાવા અરજ તથા આંક–નીશાની ૩–૧ થી ૩–૨૨ સુધી ના દસ્તાવેજો રજુ કરેલા છે તે વંચાણે લીધા અને આ કામે વાદી એ તેની આંક–૫ ની અરજી માં દાદ માંગેલ છે કે,

**<u>દાદ નં–૧:–</u>**

" મોજે ગામ વડોલી તા બારડોલી જિ સુરતમાં આવેલ બ્લોક નં–૨ અને ૩૭, ૫૦૯, ૫૧૨ અને ૪૭૬–બી વાળી મીલકત આ કામના પ્રતિવાદીઓ જાતે પોતે કે તેમણે નિમેલા અધીકુત અધીકારી દ્વારા અન્ય કોઇ વ્યકિત ઇસમ કે સંસ્થાને વેચાણ, ગીરો, બક્ષીશ કે અન્ય કોઇ પણ રીતે તબદીલ કરે –કરાવે નહિ કે હિત ટ્રાન્સફર કરે કરાવે નહિ તેમજ સદરહું મિલકત હમારા કબજામાં હોય, હમોને સદરહું મિલકતના કબજામાંથી દુર કરતા કુત્યો કરે–કરાવે નહી તે મતલબનો કામ ચલાઉ મનાઇ હુકમ હમો વાદીઓના લાભમાં ફરમાવશો જી.

**<u>દાદ નં–૨:–</u>**

સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યા સુધી વાદગ્રસ્ત મિલકતના રેવન્યુ દફતરે કોઇ પણ ફેરફાર ન થાય તથા વાદગ્રસ્ત મિલકત આ કામના પ્રતિવાદીઓ

વેચે–વેચાવે નહિ તે મતલબનો કામચલાઉ મનાઇ હુકમ કરવા મે. કરશોજી.

**દાદ નં–૩:–**

હાલની માનઈ અરજ ની સંપુર્ણ હકીકત રજુ દસ્તાવેજ પુરાવાઓ તથા કાયદાની જોગવાઈઓ ને ધ્યાને લઈ ને હમો વાદી ની તરફેણમાં યોગ્ય લાગે તેવી હરકોઇ દાદ યા દાદો અપાવવા હુકમ ફરમાવશોજિ.

(૨) આ કામનાં પ્રતિવાદીને વાદીનાં દાવા તથા મનાઈહુકમ અરજીની નોટીસની ધોરણસરની બજવણી થઈ જતા આ કામનાં પ્રતિવાદી તેમનાં વિ. વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થયેલા છે. તથા પ્રતિવાદી નં–૧ ચાલુ દાવે મરણ પામેલા હોય અને તેમના વારસો દારા હાલ ના કામે વાદી તરીકે હોય પ્રતિવાદી નં–૧ નુ નામ ડીલીટ કરવામાં આવેલ છે.

(૨.૧) આ કામના પ્રતિવાદી નં–૨ ને સમન્સ બજતા તેઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને આંક–૩૫ થી તેમને પોતાનો જવાબ રજુ કરેલ છે. જેમા તેમને વાદી ના દાવા ને સમર્થન કારતો જવાબ રજુ કરેલ છે.

(૨.૨) આ કામના પ્રતિવાદી નં–૩ અને ૪ તરફે વકીલ પત્ર રજુ થય઼ેલ છે ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં–૩ અને ૪ હાજર રહેલા નથી કે કોર્ટ ની કોઇ કાર્યવાહી માં ભાગ લીધેલ નથી.

(૨.૩) આ કામના પ્રતિવાદી નં–૫ પોતાના વકીલ શ્રી મારફતે હાજર થયેલા છે અને તેમને આંખ–૧૬ થી તેમને આ દાવા નો જવાબ આપેલ છે અને આંક–૧૭ થી તેમને નીશાની ૧૭–૧ થી ૧૭ –૧૩ સુધિના દસ્તાવેજ

આધારો રજુ રાખેલા છે.

(૩) આ કામે વાદી ના વિ.વ.શ્રી ભંડેરી ની રજુઆત ધ્યાને લીધેલ છે અને આ કામે તેમને આંક–૫૫ રજુ રાખેલ લેખિત દલીલો વંચાણે લીધેલ છે. તથા આ તબકકે તેમને બેન્ક નુ સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. આ કામે પ્રતિવાદીઓ દલીલ કરવા હાજર રહેલા ના હોય પ્રતિવાદી નં– ૨ થી ૫ ની દલીલો નો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે વાદી અને પ્રતિવાદી દ્વારા રજુ કરાવામાં આવેલા પક્ષ નિવેદનને ધ્યાને લઈ વાદીની આંક– ૫ ની મનાઈહુકમ અરજીનાં ન્યાય, નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

***–ઃ <u>મુ દ્દા ઓ</u> ઃ–***

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અને સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ?

૩. શું મનાઈહુકમ ન આપવાથી વાદીને તેનો બદલો નાણાંના સ્વરૂપમાં ન મળી શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નિચે મુજબ છે.

***–ઃ <u>નિ ર્ણ યો</u> ઃ–***

***મુદ્દા નંબરઃ– ૧– નકારમાં.***

***મુદ્દા નંબરઃ– ૨– નકારમાં.***

***મુદ્દા નંબરઃ– ૩– નકારમાં.***

***મુદ્દા નંબરઃ– ૪– આખરી હુકમ મુજબ.***

(૬) ઉપરોકત મુદ્ધાઓનાં નિર્ણયોનાં કારણો નીચે મુજબ છે.

**-ः કારણો ः-**

**-ः મુદ્ધા નંબરઃ- ૧ થી ૩ ः-**

(૬.૧) મુદ્ધા નંબર ૧ થી ૩ એકબીજાની સાથે સંકળાયેલા હોવાથી સુગમતા ખાતર આ તમામ મુદ્ધાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલી છે.

આ કામે વાદી તર્ફે મનાઈહુકમ મેળવવા માટે વાદીએ નીચે મુજબની હકીકતો તેમની તરફેણમાં પ્રથમદર્શનીય રીતે હોવાનું રેકર્ડ ઉપરનાં પુરાવાથી સાબીત કરવાનું રહે છે અને કોર્ટે તે મુજબની હકીકતો વાદીની તરફેણમાં છે કે નહી તે જોવાનુ રહે છે.

*''There are three basic principles for granting or refusing to grant temporary injunction i.e. prima facie case in favour of the party seeking injunction, Balance of convenience in favour of such per son and last there must be a irreparable loss which are likely to be caused to party if injunction is not granted to such person. Thus an injunction being an equitable remedy is always at the discretion of the court. However, such discretion must be based on sound judicial principles and guided by rules of Equity and the peculiar facts and circumstances of the case. In addition to this three basic principles for granting or refusing to grant injunction,the conduct of the person seeking injunction should also be taken in to consideration because the*

*granting of injunction is an equitable relief and is drastic or serious order and there are two basic maxims of equity which are important to be consider at the time of deciding injunction application which are “He who seeks equity must do equity” and “He comes to equity must come with clean hand "*

(૬.૨) વાદીની દાવા તથા મનાઈ હુકમની અરજી વંચાણે લીધેલ છે. વાદી તરફે આંક– ૩ ના લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈએ તો વાદીએ માર્ક– ૩–૧ થી ૩–૨૨ થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ કરેલ છે. પ્રતિવાદી નં–૫ દ્રારા આંક–૧૬ થી જવાબ તથા આંક–૧૭–૧ થી ૧૭–૧૩ રજુ કરેલ જબાવ અને દસ્તાવેજ રજુ કરેલ છે તે વંચાણે લીધા તથા વાદી તર્ફે દલીલ ના તબકકે બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તે વંચાણે લીધેલ છે. વાદીના વિ.વ.શ્રી ધ્વારા જે દલીલો કરેલ છે તે જે દલીલો કરેલ છે તે લક્ષમાં લીધી. તથા લેખીત દલીલો વંચાણે લીધેલ છે.

(૬.૩) આ કામે વાદીના દાવાની ટૂંક માં હકિકત એવી છે કે,

" આ કામે વાદી એ નીચે પરીશીષ્ટ માં જણાવેલ મીલકત બાબતે દાવો કરેલ છે

| ગામ | ખાતા નંબર | બ્લોક નં | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|---|
| ગામ વડોલી<br>તા બારડોલી<br>સુરત | **૨૩૬**<br>**————————**<br>**વાદગ્રસ્ત જગ્યા** | **૨**<br>**————————**<br>**૩૭** | **૦–૨૩–૨૭**<br>**————————**<br>**૦–૪૩–૫૧** | **૩.૬૮**<br>**————————**<br>**૧૩.૬૯** |
| | ૩૦ | ૫૦૯ | ૦–૩૨–૩૭ | ૪.૩૭ |
| | ૨૩૮ | ૫૧૨ | ૦–૯૩–૦૮ | ૨૩.૬૮ |
| | ૩૯૩ | ૪૭૬– બી | ૧–૬૬–૬૬ | ૧૯.૯૨ |

આ કામે વાદી ના દાવા ની ટૂંક માં હકીકત એવી છે કે,આ વાદગ્રસ્ત જગ્યા ના મુળ માલીક લખાભાઇ ઉર્ફે લક્ષ્મીદાસ ગોપાળજી વિગેરેનાઓ હતા અને તેમની હયાતી બાદ પુત્રો છગનભાઇ લખાભાઇ તથા ધીરૂભાઇ લખાભાઇ સદરહું મીલકત ના માલીકત મુખ્તચાર બનેલા. આ કામના વાદી અને પ્રતિવાદી નં-૧ અને ૨ તે છગનભાઇ ના સિધ્ધી લીટી ના વારસદારો છે. અને જે થી દાવવાળી મીલકતમાં હમો વાદીઓ તથા પ્રતિવાદીઓ નં-૧ તથા ૨ નાઓ નો વણ વહેચાયેલો હિસ્સો ચાલી આવેલ છે. આ કામના વાદી નં-૧ એ પ્રતિવાદી નં-૧ ના પત્ની છે. તથા વાદી નં-૨ અને ૩ એ પ્રતિવાદી નં-૧ ના પુત્રો છે અને પ્રતિવાદી નં-૨ એ વાદી ના કાકા જિ સસરા  છે.  દાવવાળી મીલકત હમારા દાદા પરદાદાઓ ની વારસાઇ હકકે મળેલ મીલકત છે. જે થી ઉપર હમો વાદી નં-૨ અને ૩ નો જન્મ થી જ હકક પ્રાપ્ત થાય છે. આ કામના વાદી ના પતિ અને પિતા  યાને કે પ્રતિવાદી નં-૧  ભોગ વિલાસ વાળ પ્રકુતીવાળા હોય વડીલો પાર્જીત મીલકત વેચી દઇ પોતાના ભોગ વિલાસ કરી જિવન વ્યતીત કરી રહ્યા છે. હાલ ની તમામ જમીન પ્રતિવાદી નં-૧ ના નામે અન્ય સહ માલીકો સાથે સ્વતંત્ર તથા સહીયારા  હકકે ચાલી  આવેલ છે.પ્રતિવાદી નં-૧ તેનો દુર ઉપયોગ કરી તમામ વેચી દેવાની પેરવી કરવી રહ્યા છે. કાયદાની જોગવાઇ જોતા પ્રતિવાદી નં-૧ ને તેમ કરવા કોઇ કાયદેસર નો હકક પ્રાપ્ત થતો નથી. તેમ છતા સહીયારા હિતને નુકશાન પહોચાડી પ્રતિવાદી નં-૧ યેન કેન પ્રકારે હમારી વડીલો પાર્જીત મિલકત વેચાણ કરી હમારૂ હિત ડુબાડવાના પ્રયત્ન કરી રહ્યા છે. જે થી   સદરહું મિલકતો તેઓ હમારી પરવાનગી વગર વિના કોઉ અન્ય વ્યકિત ને હસ્તે કે પરહસ્તે વેચાણ કરે કરાવે નહી તે માટે સદરહું મીલકતના

રેવન્યુ રેર્કડ દફતરે હમો વાદીઓ ના નામ સહમાલીક તરીકે દાખલ કરવા જરૂરી છે . તથા આ કામે  વાદગ્રસ્ત મિલકત બ્લોક નં–૨ અને ૩૭ વાળી મીલકત હમો વાદીઓ ના કબજા ભોગવટામાં ચાલી આવેલ છે તથા સદરહું મીલકતમાં ખેતી કરી પાક લેતા આવેલા છે પરંતુ હાલ આ કામના પ્રતિવાદી નં–૧ હમારા કબજા માં હસ્તક્ષેપ કરતા આવેલા છે તથા વાદગ્રસ્ત મીલકત પૈકી બ્લોક નં–૨ અને બ્લોક નં–૩૭ વાળી મીલકત આ કામના પ્રતિવાદી નં–૧ અને ૨ નાઓ એક બીજા ના મેળાપીપણા માં આવી જઇ  હમો વાદીઓ ની સંમતી વિના આ કામના પ્રતિવાદી નં–૫ ના ને વેચાણ આપેલ થી આપેલ છે. જે  અંગેનો વેચાણ દસ્તાવેજ બારડોલીના સબ રજિસ્ટ્રારશ્રી ની કચેરી એ દસ્તાવેજ નં–૧૭૨–૨૦૧૭ અને ૧૭૩–૨૦૧૭ થી નોધાયેલ છે જે અંગેની નોધ ગામ દ્ફતરે નમુના નં–૬ ના હકક પત્રકે  નોધ નં–૪૭૬૧ અને ૪૭૬૨ થી કરવામાં આવેલ છે. જે નોધ  સામે વાદી એ વાધા અરજ રજુ કરેલ છે. આ પ્રતિવાદી નં–૫ ની તરફેણ માં કરેલ વેચાણ દસ્તાવેજ ગેર કાયદેસર નો ઠરે છે.  આ કામના પ્રતિવાદીઓ એક બીજા ના મેળાપીપણામાં વાદગ્રસ્ત મીલકતમાં રહેલા હમો વાદીઓ ના હિસ્સો ડુબાડવા નો ઈરાદો ધરાવતા હોય  તથા બદ ઈરાદો બર લાવવા માટે ઉપરોકત બંને દસ્તાવેજ બનાવવામાં આવેલ હોય તે રદબાતલ ઠરે છે".

(૬.૪)  આ  કામે વાદી નં–૧  એ તેમના પતી અને વાદી નં–૨ અને ૩ નાઓ તેમના પિતા અને તેમના પીતા ના કાકા ના પાસે થી મીલકતમાં ભાગ માંગવા આવેલા છે.આ  કામે વાદી ના કથન મુજબ  પ્રતિવાદી નં–૧  વાદી ના કબજામાં હસ્તક્ષેપ કરે છે તેવા આક્ષેપ છે પરંતુ આ કામે પ્રતિવાદી નં–૧ મરણ ગયેલા છે. જે નોધનીય છે. આ કામે વાદી ઓ પ્રતિવાદી નં ૧ અને ૨ ના એ

પ્રતિવાદી નં–૩ અને ૫ ને જે જગ્યા વેચાણ આપેલ છે તે વેચાણ દસ્તાવેજ નં ૧૭૨ અને ૧૭૩ ગેર કાયદેસર ઠરાવા બાબતે કરેલ છે. હવે આ કામે વાદી ના કથનો મુજબ સદર જમીન આ કામના મુળ પુરૂષ લખાભાઇ ઉર્ફે લક્ષ્મી દાસ ની છે. અને લક્ષ્મીદાસ ને બે સંતાનો હતા.એક છગનભાઇ અને ધીરીભાઇ અને છગણભાઇ ને બે સંતાનો ઠાકોરભાઇ અને કાંતીભાઇ(પ્રતિવાદી નં–૨) અને ઠાકોરભાઇ ને પુત્ર મિકેશભાઇ(પ્રતિવાદી નં–૧) હતા આ કામે વાદી દ્વારા નીસાની ૩–૧ થી છગનભાઇ નુ પેઢી નામુ રજુ કરેલ છે તે મુજબ છગનભાઇ ના તમામ વારસો ને આ કામે પક્ષકારો તરીકે જોડવામાં આવેલા નથી. આ પહેલા નૌધ નં–૫૨૨ થી પણ વહેચણી આ છગનભાઇ તથા ધીરૂભાઇ વચ્ચે થઈ ગયેલ છે જે આ કામે નૌધ નં–૫૨૨ થી પડેલ છે જે સને ૧૯૪૮ ની છે ત્યાર બાદ આ કામે વાદી દ્વારા નીશાની ૩–૮ થી નોધ નં–૨૧૧૫ રજુ કરેલ છે. જે તેમાન મૂળ પુરૂષ ના વીલ ના મુજબ નોધ પાડવામાં આવેલ છે જે થી આ કામના મુળ પુરૂષ ના મુત્યુ બા્દ તેમના વીલ ના આધારે ૧) ઠાકોરભાઇ છગનભાઇ તથા કાંન્તી છગન ૨) ધિરૂભાઇ લક્ષ્મીદાસ ૩) જયંતીભાઇ ધિરૂભાઇ તથા ૪) ધીરૂભાઇ લક્ષ્મીભાઇ ઠાકોરભાઇ ના નામે વીલ આધારે વહેચણી થઇ ગયેલ છે. જે નોધ સને ૧૯૭૪ ની છે એ પ્રમાણીત પણ થઇ ગયેલ છે આ નૌધ મુજબ આ કામના પ્રતિવાદી નં–૧ ના પિતા અને પ્રતિવાદી નં–૧ ના કાકા યાને કે પ્રતિવાદી નં–૨ ના ભાગે આવેલ છે જયારે આ મીલકત વીલ ના આધારે વહેચણી થઈ ગયેલ છે અને ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં–૧ ના પિતા પણ મરણ ગયેલા છે ત્યારે અને તેમને આ જે જગ્યા આવેલી છે તે તેમના વારસા મળેલ છે તેવા તેમના કથનો છે છે ત્યારે આ કામે મુળ પુરૂષ ના મુત્યુ બાદ જયારે ઉતરાધીકાર ના હકકો ખુલ્લે છે ત્યારે જે ના વારસદાર ના ભાગે

જે મીલકત આવે તે મીલકત તેની સ્વપર્જિત મિલકત બંન્ને છે."**2016 (0) AIJEL-SC 58018 Uttam Versus Saubhag Singh** ના ચુકાદમાં આ બબાતે

(vi) On a conjoint reading of Sections 4, 8 and 19 of the Act, after joint family property has been distributed in accordance with section 8 on principles of intestacy, **the joint family property ceases to be joint family property in the hands of the various persons who have succeeded to it as they hold the property as tenants in common and not as joint tenants.**

**21.** Applying the law to the facts of this case, it is clear that on the death of Jagannath Singh in 1973, the joint family property which was ancestral property in the hands of Jagannath Singh and the other coparceners, devolved by succession under Section 8 of the Act. This being the case, the ancestral property ceased to be joint family property on the date of death of Jagannath Singh, and the other coparceners and his widow held the property as tenants in common and not as joint tenants. This being the case, on the date of the birth of the appellant in 1977 the said ancestral property, not being joint family property, the suit for partition of such property would not be maintainable. The appeal is consequently dismissed with no order as to costs.

ત્યાર જયારે ઠાકોરભાઈ ના અવસાન બાદ હાલ ની જગ્યા પ્રતિવાદી નં–૧ નાઓ આવી ત્યારે આ વાદગ્રસ્ જગ્યા ને ઉપર મુજબ સુપ્રીમકોર્ટ ધ્વારા પ્રતિપાદીત

કરેલ સિધ્ધાંત લાગુ પડે છે.

(૬.૫) વધુમાં આ કામે વાદી ના વકીલ શ્રી ની દલીલ એવી આ કામે તેમને આ દસ્તાવેજ ના અવેજ પણ મળેલ નથી. પરંતુ આ કામે આ પ્રકાર નુ વાદી નુ પ્લીડીગ પણ નથી અને તેમા તેમણે આ કામના અવેજ બાબતે ઉલ્લેખ શુધ્ધા કરેલ નથી. આ કામે વાદી જે વેચાણ દસ્તાવેજ બાબતે રાહત મેળવવા આવેલા છે તે વેચાણ દસ્તાવેજ વાદી દ્રારા પબ્લીક દસ્તાવેજ હોવા છતા રજુ કરેલા નથી.આ બંન્ને દસ્તાવેજ પ્રતિવાદી એ નીશાની ૧૭–૬ અને નીશાની ૧૭–૭ થી રજુ કરેલા છે. આ બંન્ને દસ્તાવેજ માં બંન્ને વેચાણ દસ્તાવેજ ના પાના નં–૫ પર અવેજ લખવામાં આવેલ છે તેમાં સદર અવેજ ચેક દર્શાવામાં આવેલ છે અને તેની તારીખ ૧૩–૦૧–૨૦૧૭ દર્શાવેલ છે. આ કામે વાદી એ પોતાની લેખિત દલીલ સાથે આ કામના પ્રતિવાદી નં–૧ ના ખાતા નો ઉતારો રજુ કરેલ છે. આ કામના નીશાની ૧૭–૬ થી આ કામના પ્રતિવાદી નં–૧ ના ને ચેક નં–**૮૪૭૨૦૦ તથા નીશાની ૧૭–૭ થી ચેક નં ૮૪૭૧૯૭ અવેજ પેટે આપવામાં આવેલ છે હવે આ કામે વાદી ના વકીલ શ્રી દ્રારા આ કામે જે બેક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેમાં આ બંન્ને ચેકો જમા થઈ ગયેલા દર્શાવે છે. જે તારીખ ૧૭–૦૧–૨૦૧૭ ના રોજ જમાં બાતાડે છે. જે થી વાદી ની દલીલ આ તબકકે ટકવા પાત્ર નથી.**

(૬.૬) વધુમાં આ કામના પ્રતિવાદી નં–૨ ના જવાબ માં અને વાદી ના વકીલ શ્રી ની દલીલ એવી હતી કે આ કામના પ્રતિવાદી નં–૧ ના ને કોઈ પણ સમયે પાવર ઓફ એર્ટની કે મિલકત વેચાણ માટે કોઈ પણ સમયે કાયદેસર રીતે અધીકુત કરેલા ન હતા કે નથી. તથા દસ્તાવેજમાં જે પાવર ઓફ એર્ટની રજુ થઇ છે તે પાવર ઓફ એર્ટની ઉપર પ્રતિવાદી નં–૨ ની સહી ન હતિ કે નથી.આ કામે

વાદી એ ઉપર જણાવ્યા મુજબ આ કામે વેચાણ દસ્તાવેજ રજુ રાખેલા નથી. જે આ કામના પ્રતિવાદી દ્વારા નીશાની ૧૭–૬ અને ૧૭–૭ થી રજુ રાખેલ છે તે વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદી ની પાવર ઓફ એર્ટની રજુ થયેલ છે. તે વંચાણે લેતા પ્રતિવાદી નં–૨ ની સહી છે જે તેમાન સોલિસીટર રુબર" YASSIR KHALIC & –SOLICITOR" લખેલ છે વધુમાં આ કામે તેમાન પાસપોર્ટ ની નકલ પણ છે તેમાં આ કામના સોલીસીટર કંપની નો સિકકો છે તથા તેમાં સહી છે અને તનુ કમીશ્ન કયારેય પુર્ણ થાય છે તે લખેલ છે. જેથી આ કામના પ્રતિવાદી નં–૧ USA મુકામે જઇ ને આ કામના પ્રતિવાદી નં–૨ ના ખોટો પાવર ઓફ એર્ટની બનાવે તે હાલ ના તબકકે શકય જણાતુ નથી.

(૬.૭) વધૂમાં આ કામે વાદી ના કથનો મુજબ તેમને આ વેચાણ દસ્તાવેજ ની નોધ સામે આર.ટી.એસ કેસ નં–૨૫–૨૦૧૭ અને ૨૬–૨૦૧૭ દાખલ કરેલ છે . પરંતુ આ કામે પ્રતિવાદી નં–૫ ના એ આ કામે નીશાની ૧૭–૧ અને ૧૭–૨ થી આ કામે અનુક્રમ એ બ્લોક નં–૨ અને ૩૭ ના ૭*૧૨ ના ઉતારા ની નકલ રજુ કરેલ છે અને તે માં આ કામના પ્રતિવાદી નં–૫ નુ નામ હાલ ની વાદગ્રસ્ત જગ્યા પ્રતિવાદી નં–૫ ના પર ચાલતા આવે છે. જે થી આ કામે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા છે.

(૬.૮) આ તમામ સંજોગો અને હકીકત ને ધ્યાને લઇ તથા ઉપર કરેલ ચર્ચા મુજબ જયારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય હકક સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલા છે ત્યારે જેથી વાદીનો પ્રથમદર્શૅનીય કેસ ન હોય ત્યારે નામદાર સવોર્ચ્ચ અદાલત દ્વારા જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે નજર સમક્ષ રાખતા Kashi

Math Samsthan & Anr *v.* Srimad Sudhindra Thirth Swamy, **AIR 2010 SC 296**: **2009 AIR SCW 7551.**

"In order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a *prima facie* case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove *prima facie* case to go for trial,question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say,if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

આમ, જેથી જયારે વાદી ઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરેલ ન હોય ત્યારે આ ઉપર ચુકાદા ના સિધ્ધાતો ને ધ્યાને લઇ એ તો સગવડતાની સમતુલા તથા નાણાથી ન ભરપાઈ થઈ શકે તેવા નુકશાનની તેવી હકકીતો માની લઇ એ કે વાદીઓ ના તરફેણ માં હોય તો પણ મનાઇ હુકમ આપી ન શકાય. આમ, ઉપર કરેલ ચર્ચા મુજુબ સંજોગોમાં મુદ્દા નં.ર અને ૩ પણ

વાદીની તરફેણમાં બનતા નથી સગવડતાની સમતુલા તથા નાણાથી ન ભરપાઈ નુકશાનની  વાદી ની તર્ફેણ મા જણાઈ આવતી નથી.ઉપરોકત ઓથોરીટીઓમાં નામ.કોર્ટ દવારા મનાઈ હુકમ અંગેના જે સિધ્ધાંતો સ્થાપિત કરેલા છે તે સિધ્ધાંતો પણ પરીપૂર્ણ થતા નથી. આમ, વાદી મુદ્દા નં.૧ થી ૩ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છું.

**-ઃ હુ ક મ ઃ-**

- વાદીની આંક- ૫ ની અરજી **"નામંજુર"** કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ રોજ તારીખ : **૦૯** મી, માહે : નવેમ્બર , સને : **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ- **૦૯** / ૧૧ / **૨૩**
સ્થળ :- બારડોલી- સુરત

**(મોહિતકુમાર કીર્તિકુમાર શાહ)**
અધિક સીનીયર સિવિલ જજ તથા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ , બારડોલી- સુરત
UID : GJ01208

**//SELF//**